Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 8, Issue 2, April 2022
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# કચ્છમાં સ્થળાંતરિત આદિવાસીઓની સ્થિતિ

**પ્રા.જીતેન્દ્રકુમાર દેવિદાસભાઇ**
એ.જે.પી.બી.કોલેજ કનકપર
તા. અબડાસા જી.કચ્છ

ભારતના બંધારણની કલમ-19 સર્વનાગરિકોને ભારતના રાજ્યક્ષેત્રમાં સર્વત્ર મુક્તપણે ફરવાનો ભારતના રાજ્યક્ષેત્રના ગમે તે ભાગમાં નિવાસ કરવાનો અને સ્થાયી થવાનો કાનુન માન્ય ગમે તે વ્યવસાય કરવાનો હક આપે છે. આદિવાસી સમુદાય ભારતીય સમાજનું અભિન્ન અંગ છે. તેમને પણ આ હક્ક મળેલ છે. ભારતના મોટેભાગે આદિવાસીઓ રોજીરોટી મેળવવા માટે વધુ પડતું સ્થળાંતર કરતા હોય છે. આજકાલ આપણે રોજિંદા જીવનમાં અંગ્રેજી ભાષાના બે શબ્દો વધુ પડતા વપરાશમાં છે. એક છે 'માઈગ્રેશન" કે 'માઇગ્રન્ટ' અને બીજો છે 'ઇમિગ્રેશન' કે 'ઇમિગ્રન્ટ" આ બંને શબ્દો એક રીતે બે ગુજરાતને દર્શાવે છે. આમ ગુજરાત' અને 'ખાસ ગુજરાત આદિવાસી વિસ્તારોના ગરીબ શ્રમજીવીઓને રોજીરોટી અર્થે માઇગ્રેશન કે સ્થળાંતર કરવું પડે છે, જે આમ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે. કારકિર્દીના ઉજળા ભવિષ્ય માટે રાજ્યનો મધ્યમ કે ઉપલો મધ્યમ વર્ગ ઇમિગન્ટ કે વિદેશી બને છે. એ ખાસ ગુજરાતનું દર્પણ છે. રાજ્યની પૂર્વપટ્ટીમાં વસતા આદિવાસીઓને બિનઆદિવાસી વિસ્તારોમાં મજૂરી કરવા સ્થળાંતરિત થવું પડ્યું છે. આ પ્રકારના સ્થળાંતરનો વેગ વધવા લાગ્યો છે. જ્યારે શિક્ષિત મધ્યમવર્ગ કે શ્રીમંતો વધુ ધનવાન થવા વિદેશોમાં સ્થાઇ થઇ રહ્યા છે. આ પ્રક્રિયા 'નંબર વન' ગુજરાતના વિકાસને વ્યાખ્યાબદ્ધ કરે છે.

પ્રસ્તુત અભ્યાસમાં કચ્છનાં છેલ્લા એકાદ દાયકાથી ગુજરાતની પૂર્વપટ્ટી પંચમહાલ – દાહોદ જિલ્લાના આદિવાસીઓના સ્થળાંતર સંદર્ભમાં માહિતી મેળવવાનો પ્રયાસ કરેલ છે. 2001ના ભૂકંપ બાદ કચ્છનો ઉદ્યોગ-વેપાર ક્ષેત્રે, ખેતી ક્ષેત્ર તેમજ સેવાક્ષેત્ર વિકાસ થયો છે. આ વિકાસની પાછળ આદિવાસીઓનો પણ હિસ્સો રહેલો છે. કચ્છના સ્થાનિક લોકો વિદેશમાં કે મુંબઇમાં વેપાર-ઉદ્યોગ કે અન્ય કામકાજ માટે જાય છે ત્યારે કચ્છમાં અન્ય વિસ્તારોમાં આવીને લોકો સ્થાયી થાય છે. જેમાં પંચમહાલ-દાહોદના આદિવાસીઓની વસ્તી વિશેષ છે. મોટેભાગે તો આદિવાસીઓ ખેતમજૂરી કામ કરે છે. તદ્ઉપરાંત હવે ઉદ્યોગોમાં પણ ઓછા વેતનવાળી નોકરીઓ કરવા લાગ્યા છે. આ સ્થળાંતરની સાથે અનેક સમસ્યાઓ સંકળાયેલી છે. સ્થળાંતર કરવા પાછળ અનેક પરિબળો ભાગ ભજવે છે. તેમજ આ પરિસ્થિતિએ તેમની સંસ્કૃતિ ઉપર માઠી અસર કરેલ છે.

**અભ્યાસની પસંદગી :**

કચ્છના અબડાસા વિસ્તારમાં 1971ના યુધ્ધ પછી પંજાબ અને હરિયાણા રાજયમાં માંથી કહી ખેતી ભાગ્યે કરતાં ત્યારબાદ અહીની જમીન વેચાતી લઇને ખેડૂત બન્યા અને અમુક હજુ પણ ગીરો જમીન લઇને ખેતી કરે છે જયારે અમુક ભાગ્યમાં પણ કાગરે છે પણ એમનું પ્રમાણ ઓછું છે 2001ની સાલમાં ભૂંકમ બાદ ખેતીમાં સમૃધ્ધ થઇને બાગાયતી ખેતી પ્રમાણ વધ્યું અને બહાર થી મજૂરોની માંગ થતાં પંચમહાલ અને દાહોદ ના આદિવાસી ખેતમજૂરો પણ આબતા થયા પણ આ ખેડૂતો ભાગીયા અને કાયમી સ્થળાંતર તરીકે વસવાટ કરતા થયા છે તેની સ્થિતિ જાણવા માટે આ અભ્યાસ પસંદ કરેલ છે .

**અભ્યાસના હેતુઓ :**

1. આદિવાસીઓના સ્થળાંતર પાછળના કારણો જાણવા .
2. સ્થળાંતરિત આદિવાસીઓની રહેઠાણની સ્થિતિ જાણવી.
3. બાળકોના શિક્ષણ વિશે માહિતી મેળવવી.
4. વેતન અને કામની પરિસ્થિતિ વિશેની માહિતી મેળવી.

**અભ્યાસ ક્ષેત્ર :**

અભ્યાસ ક્ષેત્ર તરીકે કચ્છ જિલ્લાના અબડાસા ( નલિયા ) તાલુકાના ત્રણ ગામમાં 1) કનકપુર, 2) કોઠારા અને 3) નુધાતડ સ્થળાંતરિત આદિવાસીઓને પસંદ કરવામાં આવેલ છે.

**ઉત્તરદાતાની પસંદગી :**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ માટે ઉત્તરદાતાની પસંદગી સાદા યચ્છ નિદર્શન પધ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવેલ છે. જેમાં ત્રણેય ગામોમાંથી 20 એમ 60 કુટુંબોના અભ્યાસ માટે પસંદ કર્યા છે. આ પરિવારમાં મુખ્ય વ્યક્તિને ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

**માહિતી એકત્રીકરણની પ્રયુક્તિઓ :**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક માહિતી માટે ક્ષેત્રકાર્ય અને તેને સંબંધી પ્રવિધિઓનો ઉપયોગ કરી માહિતી મેળવેલ છે. તેમજ ગૌણ માહિતીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

**સ્થળાંતરનો અર્થ :**

"એક કાયમી વસવાટથી બીજા લગભગ કાયમી વસવાટમાં લોકોનું જવું એટલે સ્થળાંતર" **સમાજ વિજ્ઞાનનો વિશ્વકોશ**

" સ્થળાંતરની પરિભાષા આપતા લખે છે તેમ એક કાયમી રહેઠાણમાંથી પર્યાપ્ત સમય માટે ઓછે-વધતે અંશે અન્ય રહેઠાણમાં થતા લોકોના કાયમી સંચરણને સ્થળાતર કહેવાય." **પ્રો.વિદ્યુત જોષી**

**અર્થશાસ્ત્રના આધારે** " સ્થળાંતર પાછળના પરિબળોને સમજાવવા માટે "પુલ ફેક્ટર' અને 'પશુ ફેક્ટર'ના ખ્યાલોને સ્પષ્ટ કરવામાં આવે છે. વ્યક્તિ કે સમૂહ એવા સ્થળે સ્થળાંતરિત કે કટ કરે કે જે સ્થળનું તેઓને આકર્ષણ છે, ખેંચાણ છે. તેવા સ્થળાતર પાછળ પુલ ફેક્ટર કામ કરે છે પરંતુ પોતાના વતનની વિપરીત પરિસ્થિતિઓને કારણે વખના માર્યા સ્થળાંતર કરવું પડે, તેને પુશ ફેકટરનું સ્થળાંતર કહેવામાં આવે છે. પ્રતિકાત્મક રીતે જોઇએ તો વિદેશોમાં વસવાનો ગુજરાતના પાટીદારોનો ઉત્સાહ પુલ ફેક્ટરનું પરિણામ છે, જ્યારે પંચમહાલ અને દાહોદ છોડી કચ્છના જમીનદારો કે શાહુકારો અન્ય સીમાંત જ્ઞાતિનાં ખેતરોમાં મજૂરી કરતા આ આદિવાસીઓનું સ્થળાંતર પુશ ફેક્ટરના પ્રતાપે છે. ગુજરાતની પૂર્વપટ્ટીમાં પંચમહાલ અને દાહોદ જિલ્લો મજૂરો પેદા કરતા જિલ્લા તરીકે વધુ જાણીતો થયો છે. રાજ્યના કોઈપણ ખૂણોમાં જઇએ ત્યાં દાહોદ અને પંચમહાલ જિલ્લાના આદિવાસી કામ કરતા જોવા મળે છે. પંચમહાલમાં ભીલ, પટેલીયા, નાયકડા, નાયકા અને દાહોદનાં ભીલ, પટેલીયા, રાઠવા, ધાનકા આદિવાસી જાતિ જ મોટેભાગે ખેતમજૂરી, રોડકામ, મકાન બાંધકામ વગેરે ક્ષેત્રમાં કરી કરવા માટે સ્થળાંતર કરે છે. પહેલા સૌરાષ્ટ્રમાં જામનગર – રાજકોટ જિલ્લામાં ખેતીનું કામ ભાગીયા પદ્ધતિથી કરતા. હવે છેલ્લા થોડા વર્ષોમાં આ આદિવાસી લોકો કચ્છમાં પણ સ્થળાંતર કરવા લાગ્યા છે. એક અંદાજ મુજબ દાહોદ પંચમહાલ જિલ્લાની થી વધુ વસ્તીએ રોજગારી માટે ફરજિયાત સ્થળાંતર કરવું પડે છે. વર્તમાન સમયમાં આ સ્થળાંતરનો પ્રવાહ કચ્છ તરફનો જોવા મળે છે.

**કોષ્ટક ન. 1**

**સમગ્ર ગુજરાતીમાં ખેતી-ખેતમજૂરી કરતા આદિવાસીઓ (ટકામાં)**

| ક્રમ | વર્ષ | ખેતી | ખેતમજૂર | અન્ય વ્યવસાય |
|---|---|---|---|---|
| 1 | 1961 | 59.18 | 31.09 | 9.73 |
| 2 | 1971 | 48.34 | 42.33 | 9.33 |
| 3 | 1981 | 45.94 | 40.10 | 13.96 |
| 4 | 1991 | 45.70 | 39.19 | 15.11 |
| 6 | 2001 | 41.88 | 36.04 | 22.08 |

**સંદર્ભ : આદિવાસી પરંપરા અને પરિવર્તન'. લેખક - ડૉ.ચંદ્રકાન્ત ઉપાધ્યાય**

ઉપરોક્ત કોષ્ટકમાં ખેતી, ખેતમજૂરી અને અન્ય વ્યવસાયની ટકાવારી આપી છે પરંતુ આદિવાસીઓને સ્પર્શતા અન્ય આંકડાઓના આદિવાસી વિસ્તારમાં કૃષિ અર્થતંત્રને સંબંધ છે ત્યાં સુધી આદિવાસીઓ કૃષિ વ્યવસાય સાથે જોડાયેલા છે. છેલ્લા 40 વર્ષમાં આદિવાસીઓમાં ખેતી કરનાર ખેડૂતોની સંખ્યા ઉત્તરોત્તર ઘટી રહી છે. જેની સામે ખેતમજૂરોની સંખ્યા વધતી રહી છે.

આ પ્રસ્તુત અભ્યાસમાં કચ્છના અબડાસા વિસ્તારમાં મોટેભાગે પંચમહાલ-દાહોદ જીલ્લાના પટેલીયા, નાયકા, દાહોદના રાઠવા પટેલીયા, ધાનકા, આદિવાસી કુટુંબ ખેતમજૂરી કરવા માટે આવે છે. તેમના **સ્થળાંતર પાછળ વિભિન્ન પરિબળો- કારણો** ભાગ ભજવે છે. જેમાં મુખ્યત્વે 1) જમીન ન હોવાથી. 2) જમીનનું કદ ઓછું હોવાથી. 3) જમીન ઉપર વસ્તીનું ભારણ વધતું ગયું હોવાથી. 4)વતનમાં રોજગારી ન મળતી હોવાથી. 5) પથ્થર અને ડુંગરાળ વાળી જમીન હોવાથી કુટુંબનો ભરણપોષણ ન થતું હોવાથી. 6)તેમજ આદિવાસીઓની આજીવિકાનો આધારસ્તંભ અહીંના જંગલો છે. તેમાંથી પહેલા તેવા આજીવિકા મેળવતા પરંતુ જંગલ વિષયક કાયદાઓને સ્થળાંતર માટે એટલા જ જવાબદાર માને છે.

આ આદિવાસીઓ મજૂરોની **વેતન** અને **કામગીરી** વિષે જણાવવા મળ્યું કે એ મોટેભાગે ત્યાંના પાટીદાર કે અન્ય શાહુકાર જ્ઞાતિના ખેતરમાં ઉત્પાદનનાં પાંચમાં કે છઠ્ઠા ભાગથી ખેતીમાં કરે છે. આ વિસ્તારમાં કપાસ, એરંડા, (દીવેલીયા), ઘઉં, સૂરજમુખી, તરબૂચ વગેરે મુખ્ય કૃષિપાક લેવામાં આવે છે, જેમાંથી સ્થળાંતર આદિવાસીઓને પાચમાં કે છઠો ભાગ મળે છે તેમાથી પોતાનું કુટુંબના સભ્યોનું ભરણપોષણ જ થાય છે જે વર્ષે પાક ઉત્પાદન થતું નથી ત્યારે જમીનદાર કે શાહુકાર પાસેથી દેવું કરવું પડે છે ઉત્તરદાતા જણાવે છે કે પોતાના કૌટુંબિક કાર્ય જ કરાય છે એના સિવાય કોઇ બચત થતી નથી તેઓ વર્ષ દરમિયાન 50,000 થી 60,000 જેટલી કૌટુંબિક આવક પ્રાપ્ત થાય છે. અભ્યાસ હેઠળના મોટાભાગના આદિવાસી મજૂરો જણાવે છે કે કચ્છમાં ગુજરાતના અન્ય ક્ષેત્ર કરતા રોજગારી સારી પ્રાપ્ત થાય છે. પોતાના વતનમાંથી દર વર્ષે અન્ય આદિવાસી કુટુંબોને આ વિસ્તારમાં પોતાની સાથે મજૂરી માટે લાવે છે. તેઓ દિવસ દરમિયાન **દસ થી બાર** કલાક જેટલું કામ કરે છે. એક જ ખેડૂતની વાડીમાં છેલ્લા દસ થી બાર વર્ષ કામ કરે છે એવા ખેતમજૂરોનું પ્રમાણ અભ્યાસના કુલ ઉત્તરદાતામાંથી 80% જોવા મળ્યું. છ વર્ષમાં પ્રસંગોપાત તેઓ પોતાના વતનમાં જાય છે. ખાસ કરીને હોળી અને કુટુંબમાં લગ્ન પ્રસંગે કે સામાજિક કે ધાર્મિક પ્રસંગે પોતાના વતનમાં જતાં જોવા મળે છે કાયમી સ્થળાંતર ખેતમજૂર બની ગયા છે .

**રહેઠાણ** માટે તેઓ પાસે પોતાની કોઈ વ્યવસ્થા નથી પામ જે જમીનદર કે શાહુકાર પાસે જમીનમાં ભાગીયા તરીકે રહે છે ત્યાં તેઓ જે જમીન ખેડે છે ત્યાં જ ઝૂપડું બનાવે છે જે પતરાં ચારેબાજુ ખૂણામાં અને ઉપર પ્લાસ્ટિક નૈન તરપત્રી મૂકેલી હોય છે અને અમુક ખેતરના જમીનસર જ દીવાલ પાકકી કા તો ગજિયા મૂકેલા હોય છે અને છત માટે પતરાં કા તો સિમેન્ટ ના પતરાં મૂકેલા જોવા

મળ્યા છે . નાહવા માટે ખુલ્લામાં  કરો નાની આવી કાપડ થી ચારેબાજુ વાળીને બાથરૂમ બનાવેલ છે કા તો કામચલાઉ બનાવી આપ્યા છે. સંડાસ ની વ્યવસ્થા ખાસ જોવા નથી મળી મતલબ ખુલ્લામાં જતાં હશે .

આ ખેતમજૂરની રહેઠાણની અનેક સમસ્યાઓ ઘેરાયેલી છે. આ ખેતમજૂર આદિવાસીઓ કેન્દ્રિત ગામથી દૂર જે તે વાડી કે ખેતીરમાં જ રહેઠાણ કરતા હોય છે. જેમાં અપૂરતી સુવિધાઓ હોય છે. આ રહેઠાણ જે તે વાડીનો માલિક નાની ઓરડી (ગજીયાનું નાનું મકાન) બનાવી આપતો હોય છે. આ ઓરડીમાં કુટુંબના તમામ સભ્યોને રહેવાની ફરજ પડે છે. જગ્યાનાં અભાવે ઘરના સભ્યોને ખુલ્લી જગ્યામાં પડી રહેવું પડે છે. ખુલ્લી જગ્યામાં રહેતા સ્થળાંતરિક મજૂરોને સતત સાપ, વીંછી, મચ્છરનો ભય સાયવતો હોય છે ખાસ કરીને ચોમાસામાં વધુ મુશ્કેલીનો સામનો કરે છે અને શિયાળામાં નલિયા નજીક હોવાથી ઠંડી બધુ પડતી હોવાથી અને ઉનાળામાં રણ , સુખું વાતાવરણ ને કકારણે બીજા વિસ્તાર કરતાં ગરમીનું પ્રમાણ સહવિશેષ વધુ હોવાથી બારે માસ સમસ્યાથી ઝૂઝતા હોય છે ગરીબ પરિસ્થિતિને કારણે આવા પડકારો ઝીલીને પામ પોતાનું સભ્યોની ભરણપોષણ કરત હોય છે આમ વધુ તેમની પાસે પૂરતા કપડાં અને ઓઢવા પાથરવાની સગવડ હોતી નથી. જેથી કરીને તેમની સાથે આવેલા નાના બાળકોની દરનિટી સ્થિતિ ગંભીર બની રહે છે.

ઉત્તરદત્તા દ્વારા જણાવેલ છે કે **શિક્ષણ**ની સાથતી સારી જોવામાં મળે છે જેમાં નજીકની શાળામાં સ્થળાંતરીત આદિવાસીના બાળકો શિકાના લઈ રહા છે જેમાં કનકપર ગામમાં ખેતમજૂર તરીકે મજૂરી કરતાં જેમાં છોકરા – છોકરીઓ એમએબીએસ – એમએ ભણેલ છે ત્યાં ના જમીનદારો તમને આર્થિક મદદ અને માર્ગદર્શન આપેચે જ્યારે અમુક બાળકો અધવચ્ચેથી શાળા છોડી દીધેલ છે. જેવો ખેત મજૂરીમાં મદદ કરે છે .

**ઉપસંહાર :**

ગુજરાત રાજ્યના પૂર્વપટ્ટીના મોટાભાગના આદિવાસીઓ મોટેભાગે રોજગારી માટે મજૂરી કરતાં જોવા મળે છે જેમાં ખેતમજૂરી , મકાન બાંધકામ , રોડ કે રેલ્વેમાં મજૂર તરીકે વગેરે ક્ષેત્રમાં મજૂરી તરીકે કામ કરતાં જોવા મળે છે જેમાં પંચમહાલ અને દાહોદ ના આદિવાસીઓ માટે ભાગે બધાજ ક્ષેત્રમાં મજૂરી કરતાં જોમાં મળેછે જેમાં કચ્છ જીલ્લામાં તેમનું ખેતમજૂર તરીકે કામ કરતાં જોવા મળે છે .

**સંદર્ભસૂચિ :**

1.આદિવાસી વિકાસ અને વન, ડૉ. - મીનાક્ષી ઠક્કર

2. આદિવાસી પર્વ, - ઇન્દુકુમાર જાની

૩. આદિલોક (સામયિક), માર્ચ-એપ્રિલ, 2010

4. આદિવાસી : પરંપરા અને પરિવર્તન - ડો.ચંદ્રકાંત ઉપાધ્યાય